# Gujarati Poetry

About Myself
Gujarati Haiku
My Hindi poems
Poetry Glossary
Essay on Poetry
My English Poe..
Gujarati Poems ..
Gujarati Poems ..
Gujarati Poems ..
Gujarati Poems ..
Gujarati Muktak..
Gujarati Muktak..
Gujarati Muktak..

## મુક્તકો

## [૧૯૬૫ પછીનાં]

=================

# શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

=================

==========

દુઃખ છે,દર્દ છે;
જે માણે,એ મર્દ છે
૯-૩-૦૪

==============

=====================

જિગરની આગ

---

જિગરની આગ કંઈ
જેવી તેવી ના હતી;
નાખ્યો હાથ તો જાણ્યું
હિમ જેવી તે હતી;
બાળ્યો ના ભલે પન
સૂન કરી નાખ્યો;
આ આગ કંઈ અકળ,
જેવી તેવી ના હતી.
[માર્ચ,૨૦૦૦]

---

બનવું છે ગાંધી ?

---

બનવું છે મહાત્મા
તો અંતર સ્વચ્છ રાખો;
સ્પષ્ટ પ્રતિમા આપની
તો છાપી શકાશે;
ઘસાવું,લુંટાવું,જાતે
નષ્ટ થવું પડશે.
ગાંધી બનવું હોય તો
'હે રામ' પણ થવું પડશે.
[માર્ચ ૨૦૦૦]

---

નિરાશા

---

નામ તારું નિરાશા
પણ માતબર તું કેટલી
વહેંચાઈ આટ આટલી
તો યે એટલી ને એટલ
[૧૯૯૦]

---

સામે મંજિલ

---

બોલનાર સમજીને બો
સુણનાર સમજીને ચા

તો રસ્તો સ્વયં અંકાય,
મંજિલ સામે આવી મળે.
[મે,૨૦૦૦]

---

વતન

---

વાંચું, સાંભળું જ્યાં વતનનું નામ,
થઈ જઈશ ઊભો, કરીશ પ્રણામ.
[જૂન,૨૦૦૦]

---

ત્રિરંગો

---

ફર ફર લહેરે ત્રિરંગો જ્યાં જ્યાં,
ઊઠે હાથ, કરવા સલામ ત્યાં ત્યાં.
[જૂન,૨૦૦૦]

---

ભ્રમણા

---

નિજ ભાનને ભૂલતા રહ્યા;
પર ધ્યાનમાં ઝૂલતા રહ્યા;
સુખ સમજીને ધસતા રહ્યા;
દુ:ખખાણમાં ફસતા રહ્યા.
[ઓક્ટોબર,૨૦,૨૦૦૧]

---

ચિરાશા

---

ફસલ ઊતરશે બેમિશાલ;
કમજોર દીસે છો આ સાલ;
વાદળો વરસશે સોના-ધાર;
છે વર્ષ આવતું માલામાલ.
[નવેમ્બર ૧૩,૨૦૦૧]

---

નર્મદા મૈયા
[નર્મદાનાં નીર ઉત્તર ગુજરાત પહોંચ્યાં તે સમાચાર વાંચી...]
પાધર પડતર અવ બન્યાં કેવાં લીલાંછમ ખેતર!
ને રણરણમાં લસ લસ હરિયાળી લહેરાઈ ગઈ;
અકાળ,ડમરી,ભમરી,ચકરી,અવ પુરાણી વાતો;
જ્યાં મા નર્મદા નહેરોમાં પાણી લઈ આવી ગઈ.
[ડિસેમ્બર ૭,૨૦૦૧]

---

ભૂલ

---

ભૂલ કરી, કર્યું લગન,
ને ફર્યો ફેરા ચાર;
કેમ થવું તુજમાં મગન?
ના કર્યો જરી વિચાર.
[નવેમ્બર,૨૦૦૦]

---

પ્રાપ્તિ

---

એને શું ગાદી-તકિયો?
કે ના એને વનવગડો.
એ રહે ફરતો તુજમાં;
નવ કોઈ એને ઝઘડો.

[નવેમ્બર,૨૦૦૦]

---

.
.
.
.

મજલ

---

હું તારામાં;
તુ મારામાં;
હું મારામાં;
તુ તારામાં;
કોણ કોનામાં
કોણ ફરે આ,
ઘડી ઘડી,
તારા-મારામાં?
[નવેમ્બર,૨૦૦૦]

---

સહકાર

---

એક પક્ષ થોડું પડતું મૂકે;
બીજો પણ એમજ ઝૂકે;
તો જીવનની સીડી પરથી
સ્વર્ગ સુખ ઊતરતું લાગે.
[ડિસેમ્બર,૨૦૦૦]

---

નવાં મકાનો

---

હવે ચણાશે જે નવાં મકાનો,
ત્યાં સીડી-લીફ્ટ મુકાશે નહીં;
ફૂટશે બૉંબ, પહોંચી જવાશે
સીડીની જરુર પડશે નહીં.
[ડિસેમ્બર,૨૦૦૦]

---

સ્વભાવ

---

દૂધે ધુઓને કોલસો,
બદલે ના કાળો વાન;
ધોળું પન કાળું કરે;
એકજ વાતનું ભાન.
[ડિસેમ્બર,૨૦૦૦]

---

**If you want to comment and observe on the above writings,I invite you to address me at my following email id:**

pravinchandra@lycos.com

Shah Pravinchandra Kasturchand